૧૯૫૪૭-૫૭૭

ક્રજાગે/જાન૯-૨/ઘ/૧૧-૧૨/
કમિશનર, શાળાઓની કચેરી,
બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા, ગાંધીનગર.
તા.૧૩/૧૦/૧૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

**વિષય:-ગુજરાત રાજય માધ્યમિક શિક્ષક સંઘના અધિવેશનની મંજુરી બાબત.**
**સંદર્ભ:-ગુજરાત રાજય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળના તા.૨૦/૭/૧૧નો પત્ર**

ઉપર્યુકત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, ગુજરાત રાજય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ દ્વારા જાન્યુઆરી-૨૦૧૨માં યોજવામાં આવનાર અધિવેશન ગુજરાતર રાજયની અંદર એક દિવસ માટે (રજાના દિવસે) યોજવા પરવાનગી માંગવામાં આવેલ છે.

ઉકત માંગણી મુજબ રાજયમાં એક દિવસ માટે (રજાના દિવસે) અધિવેશન યોજવાની આથી પરવાનગી આપવામાં આવે છે.

સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૨/૭/૧૯૯૯ના ઠરાવના પરીશિષ્ટ-૨ની આઈટમ નં.૩૫ અનુસાર પરીષદ /સેમીનાર અન્વયેનો ખર્ચ માન્ય કરવાની જોગવાઈ કરવામાં આવે છે. જેના આધારે પરીષદ માટેની ફી રૂા.૪૦૦/- (અંકે રૂપિયા ચારસો પુરા) તથા અધિવેશનમાં હાજરી આપતા શિક્ષકોના પ્રવાસ ભથ્થા અને દૈનિક ભથ્થાનો ખર્ચ નિયમાનુસાર મળવાપાત્ર થશે ઉકત ખર્ચ શાળાને મળવાપાત્ર ઈતર ખર્ચની જોગવાઈ મુજબ ગ્રાન્ટને પાત્ર ગણવા માટે નિયમાનુસાર કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

અધિવેશન જે તારીખ યોજાય તેની જાણ અત્રેની કચેરીને કરવાની રહેશે તેમજ તે અંગે થયેલ ખર્ચના હિસાબો તથા અધિવેશનનો વિગતવાર અહેવાલ રજુ કરવાનો રહેશે.

સંઘના અધિવશેન માટેનું સ્થળ અને તારીખ સંઘની અનુકુળતા પ્રમાણે નકકી કરવાનું રહેશે.

**"નોધ ઉપર માનનીય કમિશનરશ્રીના આદેશથી."**

(ઈ.પી.દેસાઈ)
સંયુકત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા., ગાંધીનગર.

જિલ્લા શિક્ષણાધિકારી
કચેરી - અમરેલી.
20 OCT 2011

**પરિપત્ર નં. ૯૮૬**

૬૯૪૦ થી ૬૯૯૨

ક્રમાંક : માધ્ય/ગુ.રા.મા.શિ.સં.અ./૧૧-૧૨/
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અમરેલી.તા.૨૪/૧૦/૧૧

જિલ્લા શિક્ષણ અધિકારી
અમરેલી જિલ્લો અમરેલી

**નકલ રવાના જાણ તથા અમલ કરવા સારૂ :**

પ્રતિ,
આચાર્યશ્રી/આચાર્યાશ્રી ,
આ જિલ્લાની તમામ ગ્રાન્ટેડ માધ્યમિક / ઉ.મા. શાળાઓ,
જિ.અમરેલી